# ટીચર જ્યારે માબાપ-સંતાનની સાંકળ બને ત્યારે...

## મારઝૂડ કરીને સંતાનોને હોશિયાર બનાવવા એ ઉપાય નથી, તેમને સમજવા માટે મા-બાપે પણ નિષ્ણાતો પાસે કાઉન્સિલિંગ કરાવવું જરૂરી છે

■ આશા દેસાઇ
bhaskarcity@guj.bhaskarnet.com

શું કરે છે તું ? અમે તને આટલા પૈસા ખર્ચીને ભણાવીએ છીએ તો પણ તુ સારા માર્ક્સ નથી લાવી શકતો. જિંદગીભર આવો જ રહીશ? જાણે-અજાણે મા-બાપ તેમના સંતાનને આવા વેણ સંભળાવતા હોય છે. બાળકના ભણતરની બાબતમાં દરેક ઘરની કહાનીનો પ્લોટ જુદો હોય છે. તે કમ્પ્યૂટરથી માંડીને રમત-ગમત કે પેઇન્ટિંગ બધામાં માર્ક્સ તો લાવે છે, પણ દરેક વાલીને તેમનું સંતાન દરેક ક્ષેત્રમાં ઉત્તીર્ણ જોઈએ છે. ડીપીએસ સ્કૂલનાં કાઉન્સિલર નૂતન કાસલીવાલ કહે છે કે બાળક માટે પહેલી સ્કૂલ એ ઘર છે. માતા-પિતા જ તેના આદર્શ છે. માતા-પિતા તેમની અધૂરી ઈચ્છાઓ બાળકો પર ન લાદવી જોઈએ. તેની કેપેસિટીને જાણીને તેને એ દિશા તરફ વાળવું જોઈએ. ભણતર જ નહિ પણ ઓવરઓલ પરફોર્મન્સને ધ્યાનમાં લેવું જોઈએ.'



કાઉન્સિલર નૂતન કાસલીવાલ સાથે પેરેન્ટ રફિક-સોનલ અને અમીર

કાઉન્સિલિંગથી માબાપ- સંતાન વચ્ચે આ ટીચર કડીરૂપ સાબિત થાય છે. મારી-ઝૂડીને સમજાવવાનો હવે જમાનો ગયો. સ્કૂલમાં કાઉન્સિલિંગ લેતા ડીપીએસના અમીરનું કહેવું છે કે હવે મને ભણવાનું ગમે છે. અમીરના પેરેન્ટ્સ રફીક-સોનલ કહે છે કે પહેલા તો અમીરને સ્કૂલનું નામ સાંભળતા જ પેટમાં દુઃખતું. બહાના બનાવી સ્કૂલે જવાનું ટાળતો. તપાસ કરતાં સ્કૂલનું વાતાવરણ અને ત્યાંના ટીચરોનો સહકાર નહીં હોવાથી એને સ્કૂલે જવાનું ગમતું નહોતું. અમે સ્કૂલ બદલી નાખી. પહેલા ઘરમાં એટલું તંગ વાતાવરણ રહેતું તે કે બધાને અસર થતી. હવે પિતા-પુત્રનું ઈમોશનલ બોન્ડિંગ વધ્યું છે. જે. જી ઈન્ટરનેશનલ સ્કૂલમાં કાઉન્સિલિંગ આપતાં નીતા પારેખ કહે છે કે દરેકની પાંચ આંગળી સરખી નથી હોતી એમ દરેક બાળક જુદું જ હોય છે એ સમજવું જોઈએ. ઘણા બાળકો હાઈપર એક્ટિવ હોવાથી કોન્સન્ટ્રેશનની તકલીફ વધે છે. તેમને થેરાપી આપીએ છીએ. વાલીઓ કાઉન્સિલિંગ પછી બાળકને સારી રીતે સમજતા થયા છે.